चुनाव का पर्व
DESH KA GARV
LOK SABHA ELECTION 2024

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax No :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :- www.suratdeo.org

જા.નં./મા-૩/વશી/૨૦૨૪/ ૬૬૬૦ તા.03-૦૬-૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી/ટ્રસ્ટીશ્રી,

બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ – તમામ,

સુરત.જિ.સુરત.

**વિષય** :- જ્ઞાન સહાયક યોજના અંતર્ગત બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોના કરાર રીન્યૂ કરવા બાબત.

**સંદર્ભ** :- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મા-૩/વશી/૨૦૨૪/૫૪૦૭ તા.૧૩-૦૫-૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ પત્ર મારફત જ્ઞાન સહાયક યોજના વર્ષ-૨૦૨૩-૨૪ જે તા.૦૮-૦૫-૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ હતી જે અંતર્ગત વર્ષ -૨૦૨૪-૨૫ માટે નવું સત્ર શરૂ થયાના પ્રથમ દિવસથી એટલે કે તા.૧૩-૦૬-૨૦૨૪થી ૧૧ માસના સમયગાળા સુધી જ્ઞાન સહાયકોના કરાર રીન્યુ માટે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ. જે અન્વયે રીન્યુ કરવાપાત્ર હોય તેવા જ્ઞાન સહાયકોને રીન્યૂ કરવા અંગેનું પ્રમાણપત્ર (સંતોષકારક સેવા અંગેનું પ્રમાણપત્ર), રીન્યુ કરવાપાત્ર ન હોય તેની વિગત તેમજ તા.૦૧-૦૬-૨૦૨૪ની સ્થિતિએ ખાલી જગ્યાની માહિતી પગાર બીલ સાથે આપવાની રહેશે.

**સૂચનાઓ** :-

1) ખાલી જગ્યાની માહિતી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની અલગ-અલગ ફાઈલમાં આપવાની રહેશે.
2) ખાલી જગ્યાની દરખાસ્તમાં હાલમાં કાર્યરત શિક્ષકોની વિગત, કાર્યભાર, બાકી રહેતો કાર્યભાર તેમજ નિયમ અનુસાર મળવાપાત્ર મહેકમની ગણતરી કર્યા બાદ જ ખાલી જગ્યાની વિગત આપવી.(નિયત પત્રકો સાથે દરખાસ્ત કરવી.)
3) વિદ્યાર્થીની સંખ્યા સરકારશ્રીના ઠરાવ મુજબ શહેરી વિસ્તારમાં પ્રથમ વર્ગ માટે ૩૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ નિયત થયેલ છે તેમજ બીજા વર્ગ મુજબ શહેરી વિસ્તારમાં ૬૦+૩૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૬૦+૨૪ ધ્યાને લેવાની રહેશે.
4) ખાલી જગ્યાની માહિતી ફક્ત ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમની જ આપવાની રહેશે.
5) લઘુમતી શાળાઓએ ખાલી જગ્યા બાબતે મંડળની લેખીતમાં અરજી આપવાની રહેશે (અગાઉ જે લઘુમતી શાળઓએ મંડળની મંજૂરી આપેલ હોય તો તેને આપવાની રહેશે નહિ. )

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત.